

# આહ્‌વાન


A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૯ સપ્ટેમ્બર - ૨૦૨૨ પત્ર - ૧૦૯


## પ્રભુ ઈસુ શિક્ષક

માથ્થી ૧૧:૨૮-૨૯

પવિત્રશાસ્ત્ર બાઈબલમાં ઘણા નામ પ્રભુ ઈસુ માટે આપવામાં આવેલ છે. જેમ કે ઘેટાંપાળક, જીવનની રોટલી, ખ્રિસ્ત, મસીહ વિગેરે. આવી રીતે માથ્થી ૮:૧૯માં પ્રભુ ઈસુની પાસે એક શાસ્ત્રી આવીને ઉપદેશક કહે છે. માથ્થી ૧૧:૨૯માં પ્રભુ ઈસુ કહે છે કે ‘મારી પાસે શીખો.’ આમ, ઉપદેશક એ શીખવનાર એક શિક્ષક તરીકે પણ જોઈ શકાય છે. સર્વ સૃષ્ટિના સર્જનહાર, જાણનાર, પારખનાર પ્રભુ ઈસુ અદ્‌ભૂત શિખવનાર જોઈ શકાય છે. માથ્થી ૭:૨૮-૨૯ પ્રમાણે લોકો અચરત થતા હતા. આ સાથે પ્રભુ ઈસુ પહાડ ઉપર, નાવ, હોડી અને સડક પર પણ ઉપદેશ-શિક્ષણ આપે છે. આ રીતે પ્રભુ ઈસુ એક શિક્ષક તરીકે શીખવનાર પણ હતા.

વ્હાલાઓ આપણે પ્રભુ ઈસુની પાસે આશીર્વાદ, સાજાપણું પ્રાપ્ત કરવા અને ચમત્કારો જોવા માટે આવીએ છીએ. પરંતુ પ્રભુ ઈસુ એ ઉપદેશક, શીખવનાર એક શિક્ષક તરીકે પણ છે અને તેઓએ કહ્યું કે ‘મારી પાસે શીખો’ તો શું આપણે તેમની પાસે શીખવા માટે આવીએ છીએ? પ્રભુ ઈસુ શીખવા માટે આપણને બોલાવે છે.

વિશ્વમાં ઘણી સ્કૂલ, કૉલેજ છે અને ઘણું શિક્ષણ આપે છે. ઘણા લોકો આ શિક્ષણ પ્રાપ્ત કરે છે. આ શિક્ષણ અનેક પ્રકારનું છે. પરંતુ પ્રભુ ઈસુનું શિક્ષણ એક જ શિક્ષણ છે અને તે માણસની નવી ઉત્પત્તિ કરવાનું શિક્ષણ છે. માણસ આદમ હવાના પાપથી ખંડિત થયેલ છે. તેને નવું બનાવવાનું શિક્ષણ છે. માણસના બચાવ અને ઉદ્ધારનું શિક્ષણ છે. માણસનું પરિવર્તન કરનાર શિક્ષણ છે.

આ એવા ઉપદેશક શિક્ષક છે કે જેમણે પાપ કર્યું નથી. નિર્દોષ, નિષ્કલંક અને પવિત્ર ઉપદેશક છે. હિબ્રુ ૯:૧૪ તેમણે માણસના ઉદ્ધાર માટે પંડનું દોષ વિનાનું બલિદાન વધસ્તંભ પર આપ્યું. જે વાત મરતા ચોરે પણ કહી હતી.

આ ઉપદેશક, શિક્ષક અને ગુરુને પવિત્રશાસ્ત્ર બાઈબલમાં ઘણાએ ઓળખ્યા. નિકોદેમસ કહે છે કે તું દેવની પાસેથી આવેલ ઉપદેશક છે. યોહાન ૩:૨. દોલતવાન ધનવાન પ્રભુ ઈસુની પાસે આવીને તેમને ઉત્તમ ઉપદેશક કહે છે. માર્ક ૧૦:૧૭. યોહાન ૧૩:૧૩માં પ્રભુ ઈસુ શિષ્યોને કહે છે કે તમે મને ગુરુ તથા પ્રભુ કહો છો તે ખરું જ કહો છો કેમ કે હું એ જ છું.

વ્હાલાઓ, પ્રભુ ઈસુ ઉત્તમ ઉપદેશક, શિક્ષક અને ગુરુ છે. જેઓએ માણસના બચાવ માટે શિક્ષણ આપ્યું છે. શું આપણે પ્રભુ ઈસુની પાસે શિક્ષણ પ્રાપ્ત કરવા, શીખવા માટે આવીએ છીએ?

માથ્થી ૧૧:૨૯ પ્રભુ ઈસુ કહે છે કે મારી પાસે શીખો.

## BIRTHDATE IN SEPTEMBER

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧/૯ | રશ્મિબાળા સી. સોલંકી | ૧૦/૯ | એવીસ એ. ઈમાનુએલ | ૧૯/૯ | પર્સી વી. ક્રિશ્ચિયન |
| ૨/૯ | રાજ એસ. શાહ | ૧૦/૯ | રોજર આર. રાઠોડ | ૨૦/૯ | પ્રિસ્કા આર. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) |
| ૨/૯ | નિરવ જે. ક્રિશ્ચિયન | ૧૦/૯ | રંજનબેન એ. સોલોમન | ૨૧/૯ | ડેઝમન્ડ જી. મેકવાન (યુ.એસ.એ.) |
| ૩/૯ | આર્થર એ. પેટ્રિક | ૧૧/૯ | સેલીના આર. હિવાળે | ૨૨/૯ | નિલેશ્વરી એન. ક્રિશ્ચિયન |
| ૪/૯ | સુરાગ કે. વાઘેલા | ૧૧/૯ | એમ્બ્રોઝ એ. પેટ્રિક | ૨૩/૯ | સુનિલ એ. ક્રિશ્ચિયન |
| ૪/૯ | જેનીફર ડી. બોરકર (દુબઈ) | ૧૧/૯ | ડોરોથીબેન જે. દાસ | ૨૪/૯ | શશીબાળાબેન એસ. પરમાર |
| ૫/૯ | સુનિલ એસ. ભાટીયા | ૧૧/૯ | હસુમતિ વી. રાઠોડ | ૨૬/૯ | રેનોલ્ડ એન. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) |
| ૬/૯ | મધુકાન્તા આર. કાપડિઆ | ૧૫/૯ | નેવિલ એન. ક્રિશ્ચિયન | ૨૯/૯ | હેરોલ્ડ સી. ક્રિસ્ટી |
| ૬/૯ | ઈલાક્ષીબેન ડી. ક્રિશ્ચિયન | ૧૫/૯ | જોયસી ડી. મેકવાન (યુ.એસ.એ.) | ૩૦/૯ | જીતેન્દ્ર એફ. મહિડા (યુ.એસ.એ.) |
| ૬/૯ | જીનલ સી. વરસડા | ૧૭/૯ | આયરીન આર. મોદી | ૩૦/૯ | પ્રિયાના જે. મહિડા (યુ.એસ.એ.) |
| ૬/૯ | મૃગલોચના એસ. ક્રિશ્ચિયન | ૧૭/૯ | ઓલ્ડ્રીચ ઓ. ગામડીઆ | ૩૦/૯ | રોશેલ સી. ડેવિડ |
| ૭/૯ | રીયાન જે. ક્રિશ્ચિયન | ૧૮/૯ | મીનાક્ષીબેન વી. ક્રિશ્ચિયન | ૩૦/૯ | રેચલ સી. ડેવિડ |
| ૭/૯ | શેરોન એ. ક્રિશ્ચિયન | ૧૯/૯ | સુનિલભાઈ કે. મેકવાન | | |
| ૯/૯ | રોનાલ્ડ આર. રાઠોડ | ૧૯/૯ | જીમી એસ. ડેવિડ | | |


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા.૬-૮-૨૨ બેથાની જયુબિલી મેથોડિસ્ટ ચર્ચ, અસારવામાં ડિસ્ટ્રીક્ટ પાળક સંગતમાં હાજરી આપી. ડિ.સુ. રેવ. ડૉ. યાકુબ મેકવાન સાહેબે પ્રાર્થના સંબંધી મનન કરાવ્યું.
- તા. ૬-૮-૨૨ બપોરે શ્રી ઈમાનુએલ એસ. ખ્રિસ્તીએ વટવા જી.આઈ.ડી.સી.માં ઈવા પેક મશીનરી માટે રાખેલ નવા શેડ માટે પ્રાર્થના કરવામાં આવી.
- તા. ૭-૮-૨૨ રવિવારની ભજનસેવામાં પ્રભુભોજન પળાવવામાં આવ્યું. ભજનસેવા બાદ એઝરા પુસ્તક આધારિત લેખિત બાઈબલ ક્વીઝ લેવામાં આવી.

  આ ભજનસેવામાં શ્રીમતી મેરેલીનબેન નિલય ચૌહાણ બાળકો સાથે કેનેડા જતા હોવાથી બુકે આપી શુભેચ્છા સહ પ્રાર્થના કરવામાં આવી. અભિનંદન.
- તા. ૧૩-૮-૨૨ સન્ડે-સ્કૂલ, બાળકો-શિક્ષકો અને યુથ ગ્રુપે ચર્ચમાં હાજરી આપી અને ચર્ચ ડેકોરેશન કરવામાં આવ્યું. સર્વનો આભાર.
- તા. ૧૪-૮-૨૨ રવિવારની ભજનસેવામાં મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર ચર્ચ બિલ્ડીંગના ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોવાથી ખાસ આભારસ્તુતિ સાથે ઉજવણી કરવામાં આવી. ભજનસેવામાં કેક કાપી ચર્ચના ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોવાથી પ્રભુનો આભાર માની ખાસ પ્રાર્થના કરવામાં આવી. ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટી, સન્ડે-સ્કૂલ, મહિલા મંડળ, યુથ ગ્રુપ દ્વારા સુંદર ગીતો રજૂ કરવામાં આવ્યા હતા.

  આ ભજનસેવામાં ચર્ચના સર્વ સિનિયર સિટીઝન્સનું ગુલાબ-પુષ્પ આપી સન્માન કરવામાં આવ્યું હતું. સ્થાનિક ચર્ચમાં તેઓની લાંબા સમયની સેવા માટે આભાર માનવામાં આવ્યો હતો.

  ભજનસેવામાં ક્વાયરે સુંદર ગીતો રજૂ કર્યા હતા.

  સ્વ. ઓનિલભાઈ ગામડિયાના સ્મરણાર્થે કેકની વ્યવસ્થા શ્રીમતી પારૂલબેન ગામડિયા તરફથી કરવામાં આવી હતી. આભાર. શ્રી કેનીભાઈ ટેલર તરફથી સુંદર બેનર તૈયાર કરી આપવામાં આવ્યું હતું. આભાર. બપોરના ભોજનની વ્યવસ્થા સ્થાનિક ચર્ચ તરફથી કરવામાં આવી હતી. તેમાં સર્વ આનંદથી જોડાયા હતા. ચર્ચનો આભાર. આ ઉજવણીમાં સહકાર આપનાર સર્વનો પુષ્કળ આભાર. પ્રભુ સર્વને પુષ્કળ આશિષ આપો.
- તા. ૧૫-૮-૨૨ મેથોડિસ્ટ ચર્ચ ગાંધીનગરમાં ડિસ્ટ્રીક્ટના વિદ્યાર્થી સન્માન સમારંભમાં સ્થાનિક ચર્ચના ૬ વિદ્યાર્થીનીઓ સાથે હાજરી આપી હતી. તેઓને સર્ટિફિકેટ અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સર્વને અભિનંદન.

  કુ. રીનીશા પી. ક્રિશ્ચિયન ધો.૧૨ (૨૦૨૦)માં ડિસ્ટ્રીક્ટમાં પ્રથમ આવવા બદલ ખાસ અભિનંદન. આ સમારંભમાં ડિ.સુ. રેવ. ડૉ. યાકુબ મેકવાન સાહેબે વિદ્યાર્થીઓને ઉત્તેજનદાયક મનન કરાવ્યું હતું અને શ્રીમતી ડૉ. રીટાબેન નિર્મળકુમારે પ્રોત્સાહનદાયક વક્તવ્ય આપ્યું હતું.
- તા. ૧૯-૮-૨૨ ગુજરાત રીજીનલ મહિલા મંડળ આયોજીત એઝરા પુસ્તક આધારિત લેખિત બાઈબલ ક્વીઝમાં સ્થાનિક ચર્ચના ૪ બહેનોએ ભાગ લીધો હતો.
- તા. ૨૧-૮-૨૨ ભજનસેવા ચલાવી. ભજનસેવા બાદ સ્થાનિક મહિલા મંડળ આયોજીત વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો. ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટીની મિટીંગ મળી.
- તા. ૨૮-૮-૨૨ સ્થાનિક ચર્ચની ભજનસેવામાં મેથોડિસ્ટ મિશનેરી મુવમેન્ટના ડાયરેક્ટર રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબે વચનની સેવા આપી અને ભજનસેવા ચલાવી. સ્થાનિક પાળકે મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં વચનની સેવા આપી.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી ઉર્વીબેન સેલેરી અપગ્રેડ થવાથી | આ.સ્તુ. | ૫૦૦૦ |
| ૨. | શ્રી ઈમાનુએલ એસ. ખ્રિસ્તી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૩. | શ્રીમતી લલીતાબેન એસ. ખ્રિસ્તી | બર્થડે | ૧૦૦ |
| ૪. | શ્રી સુનિલભાઈ એસ. સોલંકી | પુ.ફંડ | ૨૫૦૦ |
| ૫. | શ્રીમતી સુશીલાબેન એસ. સોલંકી | એ.ફંડ | ૨૫૦૦ |
| ૬. | શ્રીમતી જેનેટબેન પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૭. | એરીક નિલય ચૌહાણ<br>કેનેડા જવાની તક મળતાં | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૮. | એસ્લીન નિલય ચૌહાણ<br>કેનેડા જવાની તક મળતાં | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૯. | શ્રી મનોજભાઈ સી. ચૌહાણ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૦. | ડિયા કેયુર ચૌહાણ | બર્થડે | ૫૦૦ |
| ૧૧. | શ્રી રાજ એસ. શાહ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૨. | એરોન એ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૧૦૦ |
| ૧૩. | શ્રીમતી સ્ટેલાબેન એમ. પરમાર | બર્થડે | ૨૦૦ |
| ૧૪. | એનેશા ડી. હેરી | બર્થડે | ૨૦૦ |
| ૧૫. | ફ્લોરેન્સ એ. પરમાર | બર્થડે | ૨૦૦ |
| ૧૬. | પ્રાર્થના એ. કાપડીયા | બર્થડે | ૨૦૦ |
| ૧૭. | જીલ એમ. રાઠોડ | બર્થડે | ૨૦૦ |
| ૧૮. | શ્રીમતી ઈલાક્ષીબેન ડી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |

## જાહેરાતો

- ગુજરાત રીજીનલ કોન્ફરન્સ ૧૯૨૨-૨૦૨૨ પ્રમાણે શતાબ્દી વર્ષની ઉજવણી કરનાર છે. જે માટે સોવેનિયરમાં દરેક કુટુંબ શુભેચ્છા પાઠવશો. ● મેથોડિસ્ટ ચર્ચ શાહપુર ૧૯૭૨-૨૦૨૩ પ્રમાણે સુવર્ણ મહોત્સવ ઉજવનાર છે તે માટે પ્રાર્થના જૂથ તથા સર્વ પરિવાર પ્રાર્થના કરશો. આ સમય દરમિયાન થનાર કાર્યક્રમમાં સહકાર આપશો. ● ૨૦૨૦ થી ૨૦૨૨ ત્રણ વર્ષ દરમિયાન ધો.૧૦, ધો. ૧૨, કૉલેજ અથવા કોઈ પણ અભ્યાસનું અંતિમ વર્ષ પૂર્ણ કરેલ છે. તેઓ પોતાની માર્કશીટ સ્વપ્રમાણિત કરી જમા કરશો. ચર્ચ દ્વારા ખાસ કાર્યક્રમ રાખવામાં આવશે. ● દર રવિવારે સવારે ૯-૦૦ કલાકે ભજનસેવામાં કુટુંબ સાથે હાજરી આપો. દર શુક્રવારે સાંજે ૮-૦૦ પ્રાર્થના સંગતમાં હાજરી આપો.

## નાણાંકીય અહેવાલ જુલાઈ -૨૦૨૨

| | | |
|---|---|---|
| તા. ૦૧-૭-૨૨ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૧,૧૨,૦૯૧.૮૮ |
| | બેંકમાં | ૨,૮૫,૬૫૫.૧૪ |
| જુલાઈ ૨૦૨૨ ની | આવક | ૧,૬૪,૯૮૪.૦૦ |
| | કુલ | ૫,૬૨,૭૩૧.૦૨ |
| તા.૩૧-૭-૨૨ ની બંધ સિલક | | |
| | રોકડ | ૧,૨૭,૦૫૭.૮૮ |
| | બેંક | ૨,૯૭,૯૫૮.૧૪ |
| જુલાઈ ૨૨ ની | જાવક | ૧,૩૭,૭૧૫.૦૦ |
| | કુલ | ૫,૬૨,૭૩૧.૦૨ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર